આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૮ | ૭ ઓગષ્ટ, ૨૦૧૩, બુધવાર; શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આયુ, સંપત્તિ, કર્મ, વિદ્યા અન મરણ - આ પાંચ જીવ ગર્ભમાં હોય ત્યારે જ નિશ્ચિત થઇ જાય છે
- વિદુર

# આજથી જિલ્લામાં વિદ્યાસહાયકોની ભરતી

## ગણિત-વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકો ૧૩૨ ભરવામાં આવશે : સૌથી વધુ જગ્યાઓ દહેગામમાં ખાલી છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ૧૩૨ જેટલી ખાલી પડેલી જગ્યા પર ૭ અને ૮ ઓગષ્ટના રોજ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં જે વિદ્યાસહાયકોની ભરતી થવાની છે તેમાં ગણિત-વિજ્ઞાનના વિષયો માટે ૭મીએ ભરતી કરવામાં આવશે જ્યારે સામાજવિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકોની ભરતી ૮મીએ કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સૌથી વધુ ખાલી જગ્યાઓ દહેગામ અને માણસા તાલુકામાં છે. દહેગામમાં ૧૦૯ અને માણસામાં ૩૩ જગ્યાઓ ખાલી છે. જ્યારે ૫૫ જેટલી જગ્યાઓ કલોલ તાલુકાઓમાં ખાલી પડેલી છે.

જિલ્લાના વિદ્યાસહાયકો જે આ વિષયના હતા તેમનો બદલી કેમ્પ યોજાઈ ગયા બાદ હવે ચિત્ર સ્પષ્ટ બનતાં ૧૩૨ જેટલા વિદ્યાસહાયકોની ભરતીની પ્રક્રિયા હાથ ધરાઈ છે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

દહેગામમાં સામાજિક વિજ્ઞાનના વિષયના શિક્ષકોની ઘટ ૭૦ કરતાં વધારે હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ગણિત-વિજ્ઞાનના વિષયની જગ્યાઓ પણ આજ તાલુકામાં વધારે ખાલી હોવાનું જાણવા મળે છે.

મળતી વિગતો પ્રમાણે જે ૧૩૨ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવનાર છે તેમાં ગણિત અને વિજ્ઞાન વિષયની ૫૮ જગ્યાઓ ખાલી છે. જ્યારે સામાજિક વિજ્ઞાન વિષયની જગ્યાઓ ૭૪ જેટલી ખાલી છે.

જિલ્લા પંચાયત ખાતે આજે સ્થળ પસંદગીમાં ભરતી પામનાર શિક્ષકોને સરળતા રહે તે માટે ખાલી જગ્યાઓની યાદી પણ મુકવામાં આવી હતી. જે જોવા માટે આજે મોટી સંખ્યામાં ઈચ્છુકો આવ્યા હતા.

જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની ખાલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા આ સપ્તાહના અંત સુધીમાં પુરી કરી દેવામાં આવશે. જિલ્લામાં ૬૦૦ જેટલી પ્રા. શાળાઓ આવેલી છે. વિદ્યાસહાયકોની ભરતી માટેનું મેરીટલીસ્ટ રાજયસ્તરેથી તૈયાર કરવામાં આવેલું છે.

# ઘર નંબરની પ્લેટ માટે પ્લોટ ધારકે પચાસ રૂપિયા ચુકવવાના રહેશે

## ઘર નંબરની પ્લેટમાં પાણી-વીજબચતના સૂત્રો તેમજ વસ્તીગણતરી ઘરનંબર અને પ્રોપર્ટીટેક્ષ માટેનો નંબર દર્શાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઘર નંબર અંગેની પ્લેટ લગાવવા માટે ઘરમાલિક પાસેથી રૂ. ૫૦ ફી પેટે વસુલવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની ૮મીએ મળનારી બેઠકમાં આ અંગેની યોજનાને આખરી ઓપ આપવામાં આવશે. કલકત્તાની એજન્સીને આ કાર્ય કરવાની તૈયારી દાખવી હોવાનું કોર્પોરેશનના સૂત્રો પાસેથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સરકારી આવાસોને બ્લોક નં. આપવામાં આવેલ છે જ્યારે પ્લોટોના વેચાણ બાદ ઘરયાદી બનાવવામાં વારંવારની તકલીફો પડતી હોવાથી હવે કોર્પોરેશન ઘર નંબર આપવાનો નિર્ણય લેવા આગળ વધી રહેલ છે.

શહેરના ૩૦ સેક્ટરોમાં ૪૦ હજારથી વધુ મકાનો છે અને તેમાં ૧૬ હજાર સરકારી આવાસો છે આથી બાકી રહેતા ૨૪ હજાર જેટલી ખાનગી મિલ્કતોને ઘરનંબર આપવામાં આવશે. કોર્પોરેશન દ્વારા જે પ્લેટ ઘરનંબર માટે આખરી કરવામાં આવી છે તેમાં મહાનગરપાલિકાએ પ્રોપર્ટીટેક્ષ માટે આપેલ નંબર, રોડ નંબર, વોર્ડ નંબર, કાયમી ઘર નંબર તેમજ વસ્તી ગણતરી દરમ્યાન અપાયેલ ઘરનંબર આ પ્લેટ પર દર્શાવવામાં આવશે.

તબક્કાવાર સેક્ટરોમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે. જો કે સરકારી મકાનોને આવરી લેવા કે નહિ તે અંગે હજુ દ્વિધા અનુભવાઈ રહી છે. આ મિલ્કત સરકારી મિલ્કત હોવાથી કોર્પોરેશનની સ્થાયી સમિતિ પર તે નિર્ણય છોડવામાં આવ્યો છે.

વસ્તી ગણતરીની ઘરયાદી જે તૈયાર કરાઈ હતી તેમાં કચેરીઓનો પણ સમાવેશ કરાયો હતો એટલે હવે ૮મીની બેઠક પર સૌની નજર મંડાયેલી છે.

કલકત્તાની એસ.બી. નંબરીંગ વર્કસ પ્રા.લિ. તરફથી મળેલી આ દરખાસ્તમાં કોર્પોરેશન પર આર્થિક ભારણ આવશે નહિ કારણ કે કંપની પ્લેટના પૈસા જે તે મકાન માલિક પાસેથી સીધી વસુલશે.

જો કે આ ઘર નંબરની પ્લેટમાં કોર્પોરેશનનો લોગો તેમજ આરોગ્ય અંગે અને પાણી-વીજળીની બચતના

● અનુસંધાન પાન-૭ પર



હર હર મહાદેવ - મહાદેવની પૂજાનો પાવન મહિનો એટલે શ્રાવણ મહિનો... આજથી શ્રાવણનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે શીવાલયો શણગારાયા છે... આખા મહિના દરમિયાન મહાદેવના જલાભિષેક થશે, બિલીપત્ર ચડાવાશે અને ૐ નમઃ શિવાયના નિરંતર જાપ ચાલશે... ગામે ગામ શિવમંદિરોમાં ભક્તિનો અનન્ય માહોલ જામશે. સમગ્ર શ્રાવણ મહિનો મહાદેવની પૂજા-પાઠ માટેનો મહિમા ધરાવતો મંગલ મહિનો છે.

# 'ધ લાઈટ - સ્વામી વિવેકાનંદ'




(તસવીર : કશ્યપ નિમાવત)

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે નિર્માણ કરાયેલી ફિલ્મમાં દીપ ભટ્ટાચાર્યએ સ્વામીજીની મુખ્ય ભૂમિકા ભજવી છે... જ્યારે ફિલ્મનું સંગીત ડૉ. હરિચરણ વર્માએ આપ્યું છે... સુરેશ વાડકર, કવિતા ક્રિષ્નમૂર્તિ અને જાવેદ અલી જેવા ગાયકોએ ગીતો ગાયા છે. આ અનોખી ફિલ્મને નિહાળવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને મંત્રીમંડળના સભ્યો સીટીપલ્સ ખાતે પહોંચ્યા ત્યારે ફિલ્મની નિર્માણ ટીમે ઉમળકાભેર આવકારી મુખ્યમંત્રી સાથે સમુહ તસવીર પડાવી હતી. ફિલ્મના તમામ કલાકારો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# ડુડામાં મોનીટરીંગ માટે મ્યુનિસિપાલિટી ઓફિસરની નવી જગ્યાઓ ઉભી કરાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિકાસના કામોની અસરકારક કામગીરી થાય તે માટે ખાસ મ્યુનિ. અધિકારીની જગ્યા ઉભી કરવામાં આવી છે.

આ અધિકારી ડિસ્ટ્રીક્ટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીમાં અધિકારી તરીકે ફરજ બજાવશે એટલુ જ નહિ ખાસ કરીને સરકાર તરફથી મળેલી સહાયનો ઉપીયોગ જે તે હેતુ માટે થાય તેનું મોનીટરીંગ કરશે.

મળતી વિગતો પ્રમાણે આ અધિકારી જિલ્લાની ચારેય નગરપાલિકાઓમાં વેરા વસુલીની કામગીરી અંગેનું પણ મોનીટરીંગ કરશે. તેમજ વિકાસના કામોમાં જે ખુટતી કડીઓ છે તે અંગે પોતાનો અહેવાલ તૈયાર કરી જિલ્લા કલેક્ટર મારફતે સરકારને મોકલશે.

શહેરી વિકાસ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ડુડા દ્વારા જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં સમયમર્યાદામાં કામ નહિ થતા હોવાથી તે કામોના ખર્ચમાં વધારો થાય છે અને તેનું ભારણ સરકાર પર આવે છે.

રાજ્ય સરકારે શહેરીકરણ એ સમસ્યા નહિ પણ અવસર ગણી અને નગરપાલિકા વિસ્તારોમાં જનહિતમાં વિકાસના કામો માટે કરોડોની ગ્રાન્ટ ફાળવી છે. આ ગ્રાન્ટનો સમય-મર્યાદામાં ઉપીયોગ થાય એટલુ જ નહિ જે હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે હેતુ માટે જ નાણાં વાપરવામાં આવે અને શહેરી

● અનુસંધાન પાન-૭ પર











ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧